14.01.2025 પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

"મીઠાં બાળકો - તમારી નજર શરીરો પર ન જવી જોઈએ, સ્વયં ને આત્મા સમજો, શરીર ને ન જુઓ"

પ્રશ્ન :- દરેક બ્રાહ્મણ બાળકોએ વિશેષ કઈ બે વાતો પર ધ્યાન આપવાનું છે?

ઉત્તર :- ૧. ભણતર પર, ૨. દૈવી ગુણો પર. ઘણાં બાળકો માં ક્રોધ નો અંશ પણ નથી, કોઈ તો ક્રોધ માં આવીને ખૂબ ઝઘડે છે. બાળકોએ વિચાર કરવો જોઈએ કે અમારે દૈવી ગુણ ધારણ કરીને દેવતા બનવાનું છે. ક્યારેય ગુસ્સા માં આવીને વાતચીત ન કરવી જોઈએ. બાબા કહે છે કોઈ બાળક માં ક્રોધ છે તો તે ભુતનાથ-ભુતનાથિની છે. એવાં ભૂત વાળા સાથે તમારે વાત પણ નથી કરવાની.

ગીત :- તકદીર જગાકર આઈ હું...

ઓમ્ શાંતિ ! બાળકોએ ગીત સાંભળ્યું. બીજા કોઈ પણ સત્સંગ માં ક્યારેય રેકોર્ડ (ગીત) પર નથી સમજાવતાં. ત્યાં શાસ્ત્ર સંભળાવે છે. જેમ ગુરુદ્વારા માં ગ્રંથ નાં બે વચન બોલે છે પછી કથા કરવા વાળા તેનો વિસ્તાર કરે છે. રેકોર્ડ ઉપર કોઈ સમજાવે, આ ક્યાંય હોતું નથી. હવે બાપ સમજાવે છે કે આ બધા ગીત છે ભક્તિ માર્ગ નાં. બાળકો ને સમજાવ્યું છે, જ્ઞાન અલગ ચીજ છે, જે એક નિરાકાર શિવ પાસે થી મળી શકે છે. આને કહેવાય છે રુહાની જ્ઞાન. જ્ઞાન તો અનેક પ્રકાર નું હોય છે ને? કોઈને પૂછશે આ ગાલીચો કેવી રીતે બને છે, તમને જ્ઞાન છે? દરેક વસ્તુ નું જ્ઞાન હોય છે. તે છે જ શારીરિક વાતો. બાળકો જાણે છે આપણા આત્માઓ નાં રુહાની બાપ એ એક છે, એમનું રુપ દેખાતું નથી. એ નિરાકાર નું ચિત્ર પણ છે સાલિગ્રામ જેવું. એમને જ પરમાત્મા કહેવાય છે. એમને કહેવાય જ છે નિરાકાર. મનુષ્ય જેવો આકાર નથી. દરેક વસ્તુ નો આકાર જરુર હોય છે. તે બધા માં નાનાં માં નાનો આકાર છે આત્મા નો. તેને કુદરત જ કહેવાશે. આત્મા ખૂબ નાનો છે જે આ આંખો થી દેખાતો નથી. આપ બાળકો ને દિવ્ય દૃષ્ટિ મળે છે જેનાંથી બધા સાક્ષાત્કાર કરો છો. જે પહેલાં થઈ ગયું છે તેને દિવ્ય દૃષ્ટિ થી જોવાય છે. પહેલાં નંબર માં તો આ પાસ્ટ થઈ ગયા છે. હવે ફરી આવ્યા છે તો એમનો પણ સાક્ષાત્કાર થાય છે. છે બહુ જ સૂક્ષ્મ. આનાંથી સમજી શકાય છે, પરમપિતા પરમાત્મા સિવાય આત્મા નું જ્ઞાન કોઈ આપી ન શકે. મનુષ્ય, આત્મા ને યથાર્થ રીતે નથી જાણતાં તેમ પરમાત્મા ને પણ યથાર્થ રીતે નથી જાણી શકતાં. દુનિયા માં મનુષ્યો ની અનેક મત છે. કોઈ કહે છે આત્મા પરમાત્મા માં લીન થઈ જાય છે, કોઈ શું કહે છે? હવે આપ બાળકોએ જાણ્યું છે, તે પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર, બધાની બુદ્ધિ માં એકરસ તો બેસી ન શકે. ઘડી-ઘડી બુદ્ધિ માં પણ બેસાડવાનું હોય છે. આપણે આત્મા છીએ, આત્માએ જ ૮૪ જન્મો નો પાર્ટ ભજવવાનો છે. હવે બાપ કહે છે સ્વયં ને આત્મા સમજી મુજ પરમપિતા પરમાત્મા ને જાણો અને યાદ કરો. બાપ કહે છે હું આમનાં માં પ્રવેશ કરી આપ બાળકો ને જ્ઞાન આપું છું. આપ બાળકો પોતાને આત્મા નથી સમજતા એટલે તમારી નજર આ શરીર પર ચાલી જાય છે. હકીકત માં તમારુ એની સાથે કોઈ કામ નથી. સર્વ નાં સદ્દગતિ દાતા તો એ શિવબાબા છે, એમની મત પર આપણે બધાને સુખ આપીએ છીએ. આમને પણ અહંકાર નથી આવતો કે હું બધાને સુખ આપું છું. જે બાપ ને પૂરા યાદ નથી કરતા તેમનાં અવગુણ નીકળતા નથી. સ્વયં ને આત્મા નિશ્ચય નથી કરતાં. મનુષ્ય તો નથી આત્મા ને, નથી પરમાત્મા ને જાણતાં. સર્વવ્યાપી નું જ્ઞાન પણ ભારતવાસીઓએ ફેલાવ્યું છે. તમારા માં પણ જે સર્વિસેબલ (સેવાધારી) બાળકો છે તે સમજે છે, બાકી બધા એટલું નથી સમજતાં. જો બાપ નો પૂરો પરિચય બાળકો ને હોય તો બાપ ને યાદ કરે, સ્વયં માં દૈવીગુણ ધારણ કરે.

શિવબાબા આપ બાળકો ને સમજાવે છે. આ છે નવી વાતો. બ્રાહ્મણ પણ જરુર જોઈએ. પ્રજાપિતા બ્રહ્મા નાં સંતાન ક્યારે બને છે, આ દુનિયા માં કોઈને ખબર નથી. બ્રાહ્મણ તો અનેકાનેક છે. પરંતુ તે છે કુખ વંશાવલી. તે કોઈ મુખ વંશાવલી બ્રહ્મા નાં સંતાન નથી. બ્રહ્મા નાં સંતાન ને તો ઈશ્વર બાપ પાસે થી વારસો મળે છે. તમને હવે વારસો મળી રહ્યો છે ને? તમે બ્રાહ્મણ અલગ છો, તે અલગ છે. તમે બ્રાહ્મણ બનો જ છો સંગમ પર, તે હોય છે દ્વાપર-કળિયુગ માં. આ સંગમયુગી બ્રાહ્મણ જ અલગ છે. પ્રજાપિતા બ્રહ્મા નાં અનેક બાળકો છે. ભલે હદ નાં બાપ ને પણ બ્રહ્મા કહેવાશે કારણકે બાળકો ને જન્મ આપે છે. પરંતુ તે છે શરીર ની વાત. આ બાપ તો કહેશે બધા આત્માઓ મારા બાળકો છે. તમે છો મીઠાં-મીઠાં રુહાની બાળકો. આ કોઈને સમજાવવું સહજ છે. શિવબાબા

ને પોતાનું શરીર નથી. શિવજયંતિ મનાવે છે, પરંતુ એમનું શરીર દેખાતું નથી. બાકી બીજા બધાનું શરીર છે. સર્વ આત્માઓને પોત-પોતાનું શરીર છે. શરીર નું નામ પડે છે, પરમાત્મા ને પોતાનું શરીર જ નથી એટલે એમને પરમ આત્મા કહેવાય છે. એમનાં આત્મા નું નામ જ શિવ છે. એ ક્યારેય બદલાતું નથી. શરીર બદલાય છે તો નામ પણ બદલાઈ જાય છે. શિવબાબા કહે છે હું તો સદૈવ નિરાકાર પરમ આત્મા જ છું. ડ્રામા નાં પ્લાન અનુસાર હમણાં આ શરીર લીધું છે. સંન્યાસીઓ નાં પણ નામ બદલાય છે. ગુરુ નાં બને છે તો નામ બદલાય છે. તમારા પણ નામ બદલ્યા હતાં. પરંતુ ક્યાં સુધી નામ બદલતા રહેશે? કેટલાં ભાગન્તી થઈ ગયાં. જે તે સમયે હતાં તેમનાં નામ રાખી દીધાં. હવે નામ નથી રાખતાં. કોઈ નાં પર પણ વિશ્વાસ નથી. માયા અનેક ને હરાવી દે છે તો ભાગન્તી થઈ જાય છે એટલે બાબા કોઈનું પણ નામ નથી રાખતાં. કોઈનું રાખે, કોઈનું ન રાખે, તે પણ ઠીક નથી. કહે તો બધા છે-બાબા, અમે તમારા થઈ ગયા છીએ, પરંતુ યથાર્થ રીતે મારા થોડી છે? ઘણાં છે જે વારિસ બનવાનાં રહસ્ય ને પણ નથી જાણતાં. બાબા ની પાસે મળવા આવે છે પરંતુ વારિસ નથી. વિજય માળા માં નથી આવી શકતાં. કોઈ સારા-સારા બાળકો સમજે છે અમે તો વારિસ છીએ. પરંતુ બાબા સમજે છે આ વારિસ નથી. વારિસ બનવા માટે ભગવાન ને પોતાનાં વારિસ બનાવવા પડે, આ રહસ્ય સમજાવવું પણ મુશ્કેલ છે. બાબા સમજાવે છે વારિસ કોને કહેવાય છે. ભગવાન ને કોઈ વારિસ બનાવે તો મિલકત આપવી પડે. તો બાપ પછી વારિસ બનાવે. મિલકત તો ગરીબો સિવાય કોઈ સાહૂકાર આપી ન શકે. માળા કેટલાં થોડાક ની બને છે. આ પણ કોઈ બાબાને પૂછે તો બાબા બતાવી શકે છે-તમે વારિસ બનવાના હકદાર છો કે નહીં? આ બાબા પણ બતાવી શકે છે. આ સામાન્ય વાત છે સમજવાની. વારિસ બનવામાં પણ બહુજ અક્કલ જોઈએ. જુએ છે લક્ષ્મી-નારાયણ વિશ્વ નાં માલિક હતાં, પરંતુ તે માલિકપણું કેવી રીતે લીધું-આ કોઈ નથી જાણતાં. હવે તમારો મુખ્ય-ઉદ્દેશ તો સામે છે. તમારે આ બનવાનું છે. બાળકો પણ કહે છે અમે તો સૂર્યવંશી લક્ષ્મી-નારાયણ બનીશું, નહીં કે ચંદ્રવંશી રામ-સીતા. રામ-સીતા ની પણ શાસ્ત્રો માં નિંદા કરેલી છે. લક્ષ્મી-નારાયણની ક્યારેય નિંદા નહીં સાંભળશો. શિવબાબા ની, શ્રીકૃષ્ણ ની પણ નિંદા છે. બાપ કહે છે હું આપ બાળકો ને એટલાં ઊંચા માં ઊંચા બનાવું છું. મારા કરતાં પણ બાળકો આગળ ચાલ્યા જાય છે. લક્ષ્મી-નારાયણ ની પણ કોઈ નિંદા નહીં કરશે. ભલે શ્રીકૃષ્ણ નો આત્મા તો એ જ છે, પરંતુ ન જાણવાનાં કારણે નિંદા કરી દીધી છે. લક્ષ્મી-નારાયણ નું મંદિર પણ ખૂબ ખુશી થી બનાવે છે. હકીકત માં બનાવવું જોઈએ રાધા-કૃષ્ણ નું, કારણકે એ સતોપ્રધાન છે. આ એમની યુવા અવસ્થા છે તો એમને સતો કહે છે. એ નાનાં છે એટલે સતોપ્રધાન કહેવાશે. નાનું બાળક મહાત્મા સમાન હોય છે. જેમ નાનાં બાળકો ને વિકાર વગેરે ની ખબર નથી રહેતી, તેમ ત્યાં મોટાઓને પણ ખબર નથી રહેતી કે વિકાર શું ચીજ છે? આ ૫ ભૂત ત્યાં હોતા જ નથી. વિકારો ની જાણે કે ખબર જ નથી. આ સમયે છે જ રાત. કામ ની ચેષ્ટા (ઈચ્છા) પણ રાત્રે જ થાય છે. દેવતાઓ છે દિવસ માં તો કામ ની ચેષ્ટા થતી નથી. વિકાર કોઈ હોતાં નથી. હમણાં રાત માં બધા વિકારી છે. તમે જાણો છો દિવસ આવતા જ આપણા બધા વિકાર ચાલ્યા જશે. ખબર નથી રહેતી કે વિકાર શું ચીજ છે? આ રાવણ નાં વિકારી ગુણ છે. આ છે વિકારી દુનિયા. નિર્વિકારી દુનિયા માં વિકારની કોઈ વાત નથી હોતી. તેને કહેવાય જ છે ઈશ્વરીય રાજ્ય. હમણાં છે આસુરી રાજ્ય. આ કોઈ નથી જાણતાં. તમે બધું જાણો છો, નંબરવાર પુરુષાર્થ અનુસાર. અસંખ્ય બાળકો છે. કોઈ પણ મનુષ્ય સમજી નથી શકતા કે આ બધા બી.કે. કોનાં બાળકો છે?

બધા યાદ કરે છે-શિવબાબા ને, બ્રહ્મા ને પણ નહીં. આ પોતે કહે છે શિવબાબા ને યાદ કરો, જેનાથી વિકર્મ વિનાશ થશે, બીજા કોઈને પણ યાદ કરવાથી વિકર્મ વિનાશ નહીં થશે. ગીતા માં પણ કહ્યું છે મામેકમ્ યાદ કરો. શ્રીકૃષ્ણ તો કહી ન શકે. વારસો મળે જ છે નિરાકાર બાપ પાસે થી. સ્વયં ને જ્યારે આત્મા સમજે ત્યારે નિરાકાર બાપ ને યાદ કરે. હું આત્મા છું, પહેલાં આ પાક્કો નિશ્ચય કરવો પડે. મારા પિતા પરમાત્મા છે, એ કહે છે મને યાદ કરો તો હું તમને વારસો આપીશ. હું બધાને સુખ આપવા વાળો છું. હું સર્વ આત્માઓ ને શાંતિધામ લઈ જાઉં છું. જેમણે કલ્પ પહેલાં બાપ પાસે થી વારસો લીધો હશે એ જ આવીને વારસો લેશે, બ્રાહ્મણ બનશે. બ્રાહ્મણો માં પણ કોઈક બાળકો પાક્કા છે. માતેલા પણ બનશે, સૌતેલા પણ બનશે. આપણે નિરાકાર શિવબાબા ની વંશાવલી છીએ. જાણીએ છીએ સમુદાય કેવી રીતે વધતો જાય છે. હવે બ્રાહ્મણ બન્યા પછી આપણે પાછા જવાનું છે. બધા આત્માઓ શરીર છોડીને પાછા જવાના છે. પાંડવ અને કૌરવ બંને ને શરીર છોડવાનું છે. તમે આ જ્ઞાન નાં સંસ્કાર લઈ જાઓ છો પછી તે અનુસાર પ્રારબ્ધ મળે છે. તે પણ ડ્રામા માં નોંધ છે પછી જ્ઞાન નો પાર્ટ ખતમ થઈ જાય છે. તમને ૮૪ જન્મો પછી ફરી જ્ઞાન મળ્યું છે. ફરી આ જ્ઞાન પ્રાય:લોપ થઈ જાય છે. તમે પ્રારબ્ધ ભોગવો છો. ત્યાં બીજા કોઈ ધર્મ વાળા નાં ચિત્ર વગેરે નથી રહેતાં. તમારા ભક્તિ માર્ગ માં પણ ચિત્ર રહે છે. સતયુગ માં

કોઈનાં ચિત્ર વગેરે નથી રહેતાં. તમારા ચિત્ર ઓલરાઉન્ડ (હંમેશા) ભક્તિમાર્ગ માં રહે છે. તમારા રાજ્ય માં બીજા કોઈનાં ચિત્ર નથી, ફક્ત દેવી-દેવતા જ રહે છે. આનાથી જ સમજાય છે આદિ સનાતન દેવી-દેવતા જ છે. પછી સૃષ્ટિ વધતી જાય છે. આપ બાળકોએ આ જ્ઞાન સિમરણ કરી અતીન્દ્રિય સુખ માં રહેવાનું છે. ખૂબ પોઈન્ટ્સ (મુદ્દાઓ) છે. પરંતુ બાબા સમજે છે માયા ઘડી-ઘડી ભૂલાવી દે છે. તો આ યાદ રહેવું જોઈએ કે શિવબાબા આપણને ભણાવી રહ્યા છે. એ છે ઊંચા માં ઊંચા. આપણે હવે પાછા ઘરે જવાનું છે. કેટલી સહજ વાતો છે? બધો આધાર છે યાદ પર. આપણે દેવતા બનવાનું છે. દૈવી ગુણ પણ ધારણ કરવાના છે. ૫ વિકાર છે ભૂત. કામ નું ભૂત, ક્રોધ નું ભૂત, દેહ-અભિમાન નું ભૂત પણ હોય છે. હા, કોઈમાં વધારે ભૂત હોય છે, કોઈમાં ઓછા. આપ બ્રાહ્મણ બાળકો ને ખબર છે આ ૫ મોટા ભૂત છે. નંબરવન છે કામ નું ભૂત, બીજા નંબર માં છે ક્રોધ નું ભૂત. કોઈ રફ-ટફ બોલે છે તો બાપ કહે છે આ ક્રોધી છે. આ ભૂત નીકળી જવું જોઈએ. પરંતુ ભૂત નીકળવું ખૂબ મુશ્કેલ છે. ક્રોધ એક-બીજા ને દુઃખ આપે છે. મોહ માં અનેક ને દુઃખ નહીં થશે. જેમને મોહ છે તેમને જ દુઃખ થશે એટલે બાપ સમજાવે છે આ ભૂતો ને ભગાવો.

દરેક બાળકોએ વિશેષ ભણવામાં અને દૈવી ગુણો પર ધ્યાન આપવાનું છે. ઘણાં બાળકો માં તો ક્રોધ નો અંશ પણ નથી. કોઈ તો ક્રોધ માં આવીને બહુ જ ઝઘડે છે. બાળકોએ વિચાર કરવો જોઈએ અમારે દૈવીગુણ ધારણ કરી દેવતા બનવાનું છે. ક્યારેય ગુસ્સા થી વાત ન કરવી જોઈએ. કોઈ ગુસ્સો કરે છે તો સમજો, એમનામાં ક્રોધનું ભૂત છે. તે જાણે ભુતનાથ-ભુતનાથિની બની જાય છે, એવા ભૂતવાળા સાથે ક્યારેય વાત ન કરવી જોઈએ. એકે ક્રોધ માં આવીને વાત કરી પછી બીજા માં પણ ભૂત આવી ગયું તો ભૂત પરસ્પર ઝઘડી પડશે. ભુતનાથિની શબ્દ ખૂબ છી-છી છે. ભૂત ની પ્રવેશતા ન થઈ જાય એટલે મનુષ્ય કિનારો કરે છે. ભૂત ની સામે ઊભા પણ ન રહેવું જોઈએ, નહીં તો પ્રવેશતા થઈ જશે. બાપ આવીને આસુરી ગુણ કાઢી દૈવીગુણ ધારણ કરાવે છે. બાપ કહે છે હું આવ્યો છું દૈવીગુણ ધારણ કરાવી દેવતા બનાવવાં. બાળકો જાણે છે આપણે દૈવીગુણ ધારણ કરી રહ્યા છીએ. દેવતાઓ નાં ચિત્ર પણ સામે છે. બાબા એ સમજાવ્યું છે ક્રોધવાળા થી એકદમ કિનારો કરી લો. પોતાને બચાવવાની યુક્તિ જોઈએ. અમારા માં ક્રોધ ન આવી જાય, નહીં તો સો ગુણા પાપ ચઢી જશે. કેટલી સારી સમજણ બાપ બાળકો ને આપે છે. બાળકો પણ સમજે છે - બાબા હૂબહૂ કલ્પ પહેલાં ની જેમ સમજાવે છે, નંબરવાર પુરુષાર્થ અનુસાર સમજતા જ રહેશે. પોતાની ઉપર પણ રહેમ કરવાનો છે, બીજાઓ પર પણ રહેમ કરવાનો છે. કોઈ પોતાનાં પર રહેમ નથી કરતાં, બીજા ઉપર કરે છે તો તે ઊંચા ચઢી જાય છે, પોતે રહી જાય છે. પોતે વિકારો પર જીત મેળવતા નથી, બીજાઓને સમજાવે છે, તે જીત મેળવી લે છે. આવું પણ વન્ડર થાય છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. જ્ઞાન નું સિમરણ કરી અતિન્દ્રિય સુખ માં રહેવાનું છે. કોઈની સાથે પણ રફ-ટફ વાતચીત નથી કરવાની. કોઈ ગુસ્સા થી વાત કરે તો એનાથી કિનારો કરી લેવાનો છે.
2. ભગવાન નાં વારિસ બનવા માટે પહેલાં એમને પોતાનાં વારિસ બનાવવાનાં છે. સમજદાર બની પોતાનું બધું બાપ ને સમર્પણ કરી મમત્વ કાઢી નાખવાનું છે. પોતાનાં ઉપર પોતે જ રહેમ કરવાનો છે.

વરદાન :- સાક્ષી થઈ ઊંચી સ્ટેજ દ્વારા આત્માઓ ને સકાશ આપવા વાળા બાપ સમાન અવ્યક્ત ફરિશ્તા ભવ

ચાલતાં-ફરતાં સદૈવ પોતાને નિરાકારી આત્મા અને કર્મ કરતા અવ્યક્ત ફરિશ્તા સમજો તો સદા ખુશી માં ઊપર ઉડતા રહેશો. ફરિશ્તા અર્થાત્ ઊંચી સ્ટેજ પર રહેવા વાળા. આ દેહ ની દુનિયામાં કાંઈ પણ થતું રહે પરંતુ સાક્ષી થઈ બધો પાર્ટ જોતા રહો અને સકાશ આપતા રહો. સીટ થી ઉતરીને સકાશ નથી અપાતો. ઉંચી સ્ટેજ પર સ્થિત થઈને વૃતિ, દૃષ્ટિ થી સહયોગ નો, કલ્યાણ નો સકાશ આપો, મિક્સ થઈને નહીં, ત્યારે કોઈ પણ પ્રકાર નાં વાતાવરણ થી સેફ રહી બાપ સમાન અવ્યક્ત ફરિશ્તા ભવ નાં વરદાની બનશો.

સ્લોગન :- યાદ-બળ દ્વારા દુઃખ ને સુખ માં અને અશાંતિ ને શાંતિ માં પરિવર્તન કરો.

પોતાની શક્તિશાળી મન્સા દ્વારા સકાશ આપવાની સેવા કરો

પોતાની શુભ ભાવના, શ્રેષ્ઠ કામના, શ્રેષ્ઠ વૃત્તિ, શ્રેષ્ઠ વાયબ્રેશન દ્વારા કોઈ પણ સ્થાન પર રહેતા મન્સા દ્વારા અનેક આત્માઓની સેવા કરી શકો છો. એની વિધિ છે - લાઈટ-હાઉસ, માઈટ-હાઉસ બનવું. એમાં સ્થૂળ સાધન, ચાન્સ તથા સમય નો પ્રોબ્લેમ નથી. ફક્ત લાઈટ-માઈટ થી સંપન્ન બનવાની આવશ્યક્તા છે.